# મગફળી ગોડાઉનમાં લાગેલ આગ મામલે ઉંડી તપાસ

## ઘટનાને ગંભીરતાથી લઇને રાજ્ય સરકારે સીટને તપાસ સોંપી છે : બેદરકારોને છોડાશે નહીં : પ્રદિપસિંહ જાડેજા

અમદાવાદ,તા. ૭
ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજ્યમાં મગફળીનું મબલખ ઉત્પાદન થયું છે ત્યારે કિસાનોના હિતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મગફળીની ખરીદી ટેકાના ભાવે કરી છે.

આ ખરીદાયેલ મગફળીના સંગ્રહ માટે ગોંડલ ખાતેના ગોડાઉનમાં અકસ્માતે આગનો બનાવ બન્યો હતો અને ૨૧.૪૧ કરોડથી વધુ રકમની મગફળીના જથ્થાનો નાશ થયો છે. આ સંદર્ભે રાજ્ય સરકારે તપાસ માટે સીટની રચના કરી છે. સાથે સાથે સ્થાનિક કક્ષાએ પ્રાંત અધિકારીને પણ મેજિસ્ટ્રેરિયલ ઈન્કવાયરી સોંપવામાં આવી છે જેની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા છ વ્યક્તિઓની ધરપકડ કરાઈ છે. ગુનામાં બીજા કોઈની પણ બેદરકારી હશે તો કોઈને પણ છોડવામાં આવશે નહીં. આ માટે વિવિધ પાસાઓની ચકાસણી કરવામાં આવી રહી છે.

મંત્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, ગોંડલના આ ગોડાઉનમાં લાગેલ આગ સંદર્ભે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા ગોડાઉન બહારથી નમૂના લઈ તપાસ ચાલુ છે. મગફળીમાંથી નિકળતા તેલને કારણે આગ ગોડાઉનમાં ચાલી હોઈ સંપૂર્ણપણે આગ ઓલવાઈ જાય ત્યારબાદ ફોરેન્સિક સાયન્સ દ્વારા વધુ તપાસ હાથ ધરાશે. ભવિષ્યમાં આવા પ્રકારના ઘટના ન બને તે માટે રાજ્યમાં આવેલા મગફળીના ગોડાઉનોમાં સીસીટીવી કેમેરા, ચોકીદાર, ફાયર સેફટી અંગેના સાધનો દ્વારા સલામતી અંગેનું ફાયરસેફટી ઓડિટ કરવા અંગે પણ સંબંધિત કલેક્ટરોને સૂચનાઓ આપી દેવામાં આવી છે. મંત્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, ગોંડલ સીટીના ઉમવાડા રોડ પર આવેલ રામરાજ્ય કોટેક્ષ પ્રાઈવેટ લિમિટેડના ગોડાઉનમાં ૩૦મી જાન્યુઆરીના રોજ આગ લાગવા અંગે તરઘડીના મગનભાઈ ઝાલાવાડિયાએ જાણ કરી હતી. આ ગોડાઉનમાં સૌરાષ્ટ્ર વિસ્તારની ૧૩ મંડળીઓની અંદાજે ૨૧.૪૧ કરોડની કિંમતની ૧૩૫૯૫૭ બોરીઓનો જથ્થો સંગ્રહ કરાયો હતો જેમાં આગ લાગવાથી આ જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. આ બનાવને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લઈને તટસ્થ અને ન્યાયી તપાસ થાય તે માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક (સીઆઈડી ક્રાઈમ)ના અધ્યક્ષ સ્થાને ત્રણ નાયબ પોલીસ અધિક્ષક, ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટર હેઠળ સીટની રચના કરવામાં આવી છે જેના દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, સીટ દ્વારા તપાસ અત્યંત ઝડપથી હાથ ધરવામાં આવી રહી છે. રામરાજ્ય કોટેક્ષનું ગોડાઉન ગુજકોટ કંપની દ્વારા માસિક ચાર લાખના કરાર આધારિત ભાડાથી ભાડે લેવાયું હતું પરંતુ ગોડાઉનમાં દરવાજા ન હોવાથી દરવાજા લગાવવા માટે ૩૦મી જાન્યુઆરીના રોજ વેલ્ડિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોંગડલ ખાતેના ગોડાઉનમાં મગફળી ભરેલ બોરીઓનો સંગ્રહ કરેલો હોવાનું જાણવા છતાં અને વેલ્ડિંગ કામગીરીના તણખાથી આગ લાગવાની શક્યતાઓ હોવા છતાં દિનેશભાઈ ધીરુભાઈ સેલાણી તથા તેમના માણસો દ્વારા વેલ્ડિંગની કામગીરી હાથ ધરાઈ હતી. વેલ્ડિંગ કામ શરૂ કરતા તણખામાંથી આગ લાગતા ૨૧.૪૧ કરોડનો જથ્થો સળગી ગયો. આગથી અન્યની જિંદગી અથવા શારીરિક સલામતી જોખમમાં મુકે તેવી બેદરકારી ભર્યુ કૃત્ય કરવા તેમજ પુરાવાઓ નાશ કરવાના ઈરાદે વેલ્ડિંગ મશીન ત્યાંથી ખસેડી લેવાનો ગુનો કર્યો હોઈ આ ૭ વ્યક્તિઓ ઈપીકો કલમ ૪૩૬, ૨૦૧, ૧૧૪ હેઠળ ધરપકડ કરાઈ છે. કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.





**મોદીના પત્નિ જશોદાબેન દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત**

રાજસ્થાનના ચિત્તોડગઢમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પત્નિ જશોદાબેન એક માર્ગ અકસ્માતમાં આજે ઘાયલ થયા હતા. આ દુર્ઘટનામાં બંસત નામની એક વ્યક્તિનુ મોત પણ થયુ છે. મુત્ક દુર્ઘટનાગ્રસ્ત વાહનનુ ડ્રાઈવર હોવાનુ જાણવા મળ્યુ છે. પોલીસે વિગત આપતા કહ્યુ હતુ કે જશોદાબેનને દુર્ઘટનામાં ગંભીર ઈજા થઈ નથી. તેઓ ઈનોવા કારમાં પોતાના સંબંધીની સાથે ગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા. મળેલી માહિતી મુજબ જશોદાબેનને માથામાં નજીવી ઈજા થઈ હતી. જશોદાબેન કોટામાં એક લગ્ન પ્રસંગમાં આગ લેવા માટે ગુજરાતમાંથી આવ્યા હતા. એ વખતે કોટા-ચિત્તોડગઢ હાઈવે પર તેમની ગાડીની ટક્કર એક ટ્રેક્ટર ટ્રોલી સાથે થઈ હતી. તેમને ચિત્તોડગઢની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જશોદાબેનની હાલત સુધારા પર હોવાનુ જાણવા મળ્યુ છે. જશોદા બેન પોતાના અશોક મોદીની સાથે મહેસાણા જિલ્લાના ઉંઝામાં રહે છે. ટ્રક ડ્રાઈવરની સામે કેસ દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી છે.



**મોડાસાના ધારાસભ્યને ગુજરાત વાલ્મિકી સંગઠને આવેદનપત્ર**

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સર્કિટહાઉસ ખાતે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને ગુજરાત વાલ્મિકી સંગઠનના હોદ્દેદારો અને વાલ્મિકી સમાજ દ્વારા વાલ્મિકી સમાજના સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે ગુજરાત રાજ્ય સરકારમાં વારંવાર લેખિત અને મૌખિક રજુઆત અને ગાંધીનગર ખાતે રેલી યોજી ધરણા પ્રદર્શન કરવા છતાં યોગ્ય ન્યાય ન મળતા બુધવારે આવેદનપત્ર આપી વાલ્મિકી સમાજને ન્યાય અપાવવા વિધાનસભામાં તેમના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરવા અને ન્યાય અપાવવા માંગ કરી હતી.

## ધનસુરા તાલુકા મથકે અદ્યતન એસ.ટી. ડેપો બન્યો

ધનસુરા, તા. ૭
ગુજરાત રાજ્યના અરવલ્લી જિલ્લામાં લાખ્ખો રૂપિયા ખર્ચ કરી મુસાફરોની સુવિધા માટે અધ્યતન એસ.ટી. ડેપો બનાવ્યા. આ ડેપોમાં સુવિધાઓનો અભાવ જણાય છે. ધનસુરામાં અધ્યતન બસ સ્ટેશન બનાવે વર્ષો થયા છતાં બસમાં મુસાફરી કરતા મુસાફરોને બસસ્ટેન્ડમાં અલ્પાહાર માટે કોઈ કેન્ટીનની વ્યવસ્થા નથી. મુસાફરો મુશ્કેલી અનુભવે છે. જાણવા મળ્યા મુજબ છેલ્લા કેટલાય વર્ષોથી કેન્ટનની સુવિધા નથી, એસ.ટી. કોર્પોરેશનના કેન્ટીનના ભાડા ઊંચા હોવાના કારણે કોઈ ટેન્ડર ભરતુ નથી. મોડાસાથી અમદાવાદ તરફ જતી બસો રસ્તામાં કેટલીક હોટલોના સ્ટેન્ડ ન હોવા છતાં ડ્રાઈવરો બસો ઉભી રાખી ચા-નાસ્તા કરે છે. અરવલ્લી જિલ્લાના મોટાભાગના કેન્ટિનોવાળાની ફરિયાદ છે કે આ રૂટ ઉપર જતી બસો હરસોલ રખિયાલ વચ્ચે આવતી હોટલો સાથે ડ્રાઈવર-કંડકટરની મિલીભગતના કારણે વગર સ્ટેન્ડે બસો ઉભી રાખતાં મુસાફરોને ન છૂટકે નીચે ઉતરી ચા-નાસ્તો કરવો પડે છે.

### શિક્ષણ સત્તાવાળાના વિવાદિત નિર્ણય સામે અરજી

# આધાર જમા ન કરાવે તો પ્રવેશ રદ કરવાની ચીમકી સામે રિટ

## સત્તાવાળાઓનો નિર્ણય સુપ્રીમકોર્ટના હુકમના ભંગ સમાન હોઇ તેને રદબાતલ ઠરાવવાની રિટ અરજીમાં દાદ મંગાઇ

ગાંધીનગર,તા. ૭
જો વિદ્યાર્થી આધારકાર્ડ રજૂ ના કરે તો તેનો પ્રવેશ રદ કરી દેવા અને શિક્ષક આધારકાર્ડ રજૂ ના કરી શકે તો શાળાની જ માન્યતા રદ કરી દેવા અંગેના રાજયના શિક્ષણ સત્તાવાળાઓના વિવાદીત પરિપત્રને પડકારતી એક મહત્વની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. આ કેસની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી રિટ અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે, રાજયના શિક્ષણવિભાગ દ્વારા તા.૨૮-૧૨-૨૦૧૭ના રોજ એક હુકમ કરી તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આધારનંબર લેવા આદેશ કર્યો હતો. જેને પગલે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તા.૭-૧-૨૦૧૮ના રોજ એક પરિપત્ર કરી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફરજિયાતપણે આધારકાર્ડ જમા કરાવવા આદેશ કરવામાં આવ્યો હતો. એટલું જ નહી, જો વિદ્યાર્થીઓ દ્વારા આધારકાર્ડ જમા ના કરાવાય તો વાલીઓને સૂચના આપવી અને ત્યારબાદ પણ જો આધારકાર્ડ જમા ના થાય તો વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાની સૂચના આપવામાં આવી હતી. સાથે સાથે શિક્ષકોને પણ આધારકાર્ડ જમા કરાવવા ફરમાન કરવામાં આવ્યું હતું અને જો શિક્ષકો દ્વારા આધારકાર્ડ જમા ના કરાવાય તો શાળાની માન્યતા રદ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. આવા વિવાદીત નિર્ણયને પડકારતી નઝર મહંમદ પટેલ દ્વારા કરાયેલી રિટ અરજીમાં અદાલતનું ધ્યાન દોરાયું છે કે, આધારકાર્ડ આપવુ તે મરજિયાત છે, ફરજિયાત નહી ત્યારે સરકાર તેને ફરજિયાત બનાવી શકે નહી. ખુદ સુપ્રીમકોર્ટે આ મુદ્દે સંબંધિત રાહત આપી છે ત્યારે સરકારના સત્તાવાળાઓનો આવો વિવાદીત નિર્ણય સુપ્રીમકોર્ટના હુકમના ભંગ સમાન છે. અરજદાર પક્ષ તરફથી જો કોઈ વિદ્યાર્થી દ્વારા આધારકાર્ડ રજૂ ના કરાય તેવા કિસ્સામાં તેનું નામ શાળામાંથી કમી કરવામાં ના આવે અને તેને કોઈપણ પ્રકારે હેરાન કરવામાં ના આવે અને સાથે સાથે સત્તાવાળાઓના આ વિવાદીત નિર્ણયને રદબાતલ ઠરાવવા અરજીમાં દાદ માંગવામાં આવી હતી.

## થરાદમાં હિટ એન્ડ રનની ઘટના

થરાદ, તા. ૭
થરાદમાં રોજિંદા અકસ્માતોની વણજાર વચ્ચે આજે રાત્રીના બારેક વાગ્યાના સુમારે થરાદના ચાર રસ્તા પર હિટ એન્ડ રનની ઘટના ઘટી હતી. તેમાં વાવ તાલુકા રાબડીપાદર ગામનો યુવક ઉદાભાઈ વાઘાભાઈ જોષી થરાદ ચાર રસ્તા પર ઉભો હતો ત્યારે કોઈ અજાણ્યા ટ્રક ચાલકે તેને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો અને તે યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને તેની થરાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી મૃતદેહને પી.એમ કરાવી આગળની તપાસ થરાદ પોલીસે હાથ ધરી છે.

## વદરાજ સિમેન્ટની રાજ્યભરમાં વિવિધ સ્થળે ટેકનીકલ કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૭
વદરાજ સિમેન્ટ દ્વારા સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આણંદ, સુરત તથા વડોદરા ખાતે ટેકનીકલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં શહેરના નામાંકિત બિલ્ડરો, આર્કિટેકટસ તેમજ વદરાજ સિમેન્ટના માર્કેટીંગ એડવાઈઝર કે.કે. ટાપરીયા દ્વારા સેલ્સ અને માર્કેટીંગ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રાસંગિક સંબોધન પણ કરવામાં આવ્યું હતું. જેમાં કંપનીની સેલ્સ અને માર્કેટિંગ ટીમ દ્વારા કંપનીના ભવિષ્યના પ્રોજેક્ટ માટે વૈચારિક આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

# સરદારનગરમાં બુટલેગરોનો આંતક

સરદારનગર વિસ્તારમાં કુબેરનગર પાસે એફ વોર્ડમાં ગઈકાલે સ્થાનિક બુટલેગરોએ એક જ પરિવારના સભ્યો પર ધારિયા, લાકડી સહિતના હથિયારો વડે જીવલેણ હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. બુટલેગરોના આંતકથી સમગ્ર વિસ્તારમાં ભય અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. બુટલેગરોના હુમલામાં બે મહિલાઓ સહિત ત્રણ જણાને ઈજા પહોંચી હતી, જે એક મહિલાની હાલત ગંભીર હોવાનું મનાઈ રહ્યું છે. સરદારનગર પોલીસે આ બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ શહેર પોલીસ દ્વારા ખાસ કરીને સેક્ટર-૨ની સ્કવોડના અધિકારીઓ અને સ્ટાફના વિશાળ કાફલા દ્વારા છારાનગર, કુબેરનગર અને સરદારનગરમાં મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. છારાનગર-કુબેરનગર વિસ્તારમાંથી માત્ર ૭૬ લિટર જ દેશી દારૂ મળી આવ્યો હતો અને પોલીસ આવે તે પહેલાં જ દારૂનો માલ સગેવગે કરી દેવાયો હતો, તેથી આ પ્રકરણમાં સરદારનગર પીઆઈ એચ.બી. ઝાલા અને કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ વિરૂધ્ધ ખાતાકીય તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

## ગાંધી બીસીએ કોલેજ મોડાસાના રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સાતરડા ગામે ગ્રામોત્કર્ષ અને જનજાગૃતિ શિબિર યોજાઈ

મોડાસા, તા. ૭
હેમ. ઉ.ગુ. યુનિ. પાટણ સંલગ્ન ધી મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત માતૃશ્રી એલ.જે. ગાંધી બીસીએ કોલેજ મોડાસાના





રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ દ્વારા તાજેતરમાં માલપુર તાલુકાના સાતરડા ગામે ૭ દિવસની ગ્રામોત્કર્ષ અને જન જાગૃતિ શિબિર યોજવામાં આવી. જેમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામ સફાઈ, આયુર્વૈદિક કેમ્પ, પશુરોગ નિદાન કેમ્પ, વ્યસનમુક્તિ, પર્યાવરણ જાગૃતિ, વિવિધ રેલીઓ, ભજન સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમો, સરકારી યોજનાઓની માહિતી જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા ગ્રામજનોને જાગૃતિ કરવામાં આવ્યા. શિબિરના ઉદ્‌ઘાટન તથા સમાપન સમારોહમાં મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી,, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ વી. શાહ તથા માનદમંત્રી અરવિંદભાઈ જે. મોદી, માનદમંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહ, ઉદ્‌ઘાટક તરીકે નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સમીરભાઈ એમ. પટેલ, જિલ્લા સદસ્ય જશુભાઈ એસ. પટેલ, તાલુકા પ્રમુખ ગબાજી કોહ્યાજી ખોખર, સાતરડા હાઈસ્કૂલના આચાર્ય હસમુખભાઈ પટેલ, માલપુર હાઈસ્કૂલના આચાર્ય પી.જે. પટેલ તથા પ્રા. શાળાના આચાર્ય અનસુયાબેન પંચાલ, ગામના સરપંચ પ્રકાશભાઈ પટેલ ઉપસ્થિત રહી શિબિરાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર શિબિરનું સફળ આયોજન અને સંચાલન બદલ કોલેજના આચાર્ય ડૉ. ભદ્રેશ પી. પટેલ અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર રાજેશ એમ. મકવાણાને કેળવણી મંડળ તથા કોલેજ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### કંપની સમાચાર

## સોલ્વે દ્વારા મેક ઈન ઈન્ડિયા માટેની સતત પ્રતિબદ્ધતા પ્લાસ્ટઈન્ડિયા ૨૦૧૮ ખાતે જાળવી

સોલ્વે આજે પ્લાસ્ટઈન્ડિયા ૨૦૧૮( બુથ સીઙ, હોલ ૧૦) ખાતે જાહેર કરે છે કે તેમની પાનોલી, ભારત ખાતેનું નવું વેરાડેલ પોલીઈથરસલ્ફોન(પીઈએસયુ)નું ઉત્પાદન યુનીટનું બાંધકામ અનુસૂચિ પ્રમાણે રહેશે અને ૨૦૧૯ના મધ્ય સુધીમાં સંપુર્ણ ક્ષમતા પ્રાપ્ત કરશે જેથી આ હાઈ-પર્ફોમન્સ થર્મોપ્લાસ્ટીકની વધતી સ્થાનિક અને વૈશ્વિક માંગને સહકાર મળે. નવા પ્લાન્ટનું બાંધકામ સોલ્વેની દેશના ફ્લેગશીપ પ્રોગ્રામ 'મેક ઈન ઈન્ડિયા'ની મોટી હિમાયતનું જ એક ઉદાહરણ છે જેના દ્વારા તે ક્ષેત્રના અગ્રણી હાઈ-પર્ફોમન્સ પોલીમર્સનો સ્થિર પુરવઠો જળવાઈ રહે તેની ખાતરી કરે છે.

સોલ્વે એ ભારતમાં તેના ઉત્પાદન પ્લાન્ટ્સ અને સબ-કોન્ટીનેન્ટલ(પેટા-ખંડ)માં સંયુક્ત સાહસો તદુપરાંત વિશ્વકક્ષાના સંશોધનો અને નવીનતમ સેન્ટરોના સ્થાનિક નેટવર્કના સ્થાપિત હાજરી દ્વારા ભારતમાં ભરોષાની પ્રતિષ્ઠા મેળવી છે તેમ અમલાન દાસ, મેનેજીંગ ડિરેક્ટર ફોર ઈન્ડિયા, સોલ્વેના સ્પેશીયાલીટી પોલીમર્સ ગ્લોબલ બીઝનેશ યુનીટ જણાવે છે. ૩૫થી વધુ પ્રોડક્ટ્સ લાઈન્સની ઉપલબ્ધી સાથે-એનકોમ્પાસીંગ સલ્ફોન પોલીમર્સ, એરોમેટીક પોલીઆમીડ્સ અને પોલીકેટોન્સ, તથા ફ્લોરીનેટેડ પોલીમર્સ, લીક્વીડ અને ઈલ્સ્ટોમર્સ-સોલ્વેની પ્રોડક્ટ્સ બહોળા વિવિધ ઉદ્યોગોમાંની જરૂરી એવી પર્ફોમન્સની જરૂરીયાતની વિસ્તૃત શ્રેણીને પુરી સંતોષે છે. પ્લાસ્ટ ઈન્ડિયા ખાતેનો સોલ્વેનો બુથ ભારતના બજારમાં હાઈ-ગ્રોથ એપ્લીકેશન માટેના ક્ષેત્રના અગ્રણી હાઈ-પર્ફોમન્સ પોલીમર સોલ્યુશન્સને હાઈલાઈટ કરશે, જેમાં સમાવેશ થાય છે.

## આઈઆઈએમ અમદાવાદ, આઈઆઈએમ ટ્રિચી અને આઈઆઈએમ કલકત્તાએ સીએફએ ઈન્સ્ટિટ્યુટ રિસર્ચ ચેલેન્જ ઈન્ડિયા ફાયનલ્સમાં વિજય મેળવ્યો

સીએફએ સોસાયટી ઈન્ડિયાએ જાહેર કર્યું છે કે આઈઆઈએમ અમદાવાદ, આઈઆઈએમ ટ્રિચી અને આઈઆઈએમ કલકત્તા તેની સીએફએ ઈન્સ્ટિટ્યુટ રિસર્ચ ચેલેન્જ ઈન્ડિયા ૨૦૧૭-૧૮ની નેશનલ ફાયનલ્સનાં વિજેતા થયા છે. આ ટીમે આગામી તા. ૨૫-૨૬ એપ્રિલ, ૨૦૧૮નાં મલેશિયાના કુઆલાલુમ્પુરમાં યોજાનારી એશિયા પેસિફીક રિજનલ કોમ્પીટીશનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

નેશનલ ફાયનલ્સમાં આઈઆઈએમ ઈન્દોર, આઈઆઈએમ અમદાવાદ, આઈઆઈએમ ટ્રિચી, એનએમઆઈએમએસ, આઈઆઈએફટી, દિલ્હી અને આઈઆઈએમ રાયપુરની ટીમોએ ભાગ લીધો હતો. આ ફાયનલ્સમાં જજીઝ તરીકે પ્રમોદ ગુબ્બી, ક્રિસિલ ગ્લોબલનાં એનાલિટીક્સ અને રિસર્ચ હેડ, પંકજ મુરારકા, સ્થાપક, રિનેઈસન્સ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ અને એમ્બિટ કેપિટલનાં ઈક્વિટીઝ સીએફએ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. આ ચેલેન્જીઝની ૧૧મી એડિશનમાં ચાર ઝોનનાં ૨૫ શહેરોની ૫૫ બિઝનેસ સ્કૂલોએ ભાગ લીધો હતો. જેમાં તેમણે નિયત સમય આધારિત પ્રેઝન્ટેશનમાં ઈન્ડિગો, હીરો મોટોકોર્પ, ટાઈટન અને એશિયન પેઈન્ટસનાં ઈક્વીટી રિસર્ચ માટે પીચ કર્યું હતું. સીએફએ ઈન્સ્ટિટ્યુટ રિસર્ચ ચેલેન્જ ઈન્ડિયાનાં સીએફએ, ડાયરેક્ટર કિશોર બાગરીએ જણાવ્યું હતું કે, 'રોકાણકાર વ્યાવસાયિકોનાં આ સંગઠનમાં અમે રોકાણકાર વ્યાવસાયિકોની નવી પેઢી સાથે સંવાદ સાધીએ છીએ.

## 'એચપી ફ્યુઅલ ભરાવો, ટોયોટામાં ફરો'

હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પો. લિ. દ્વારા ઈન્ફીનીયમ ટોયોટાના સહયોગથી મેગા સેલ્સ કેમ્પેન રજૂ કરવામાં આવ્યું છે. જે અનુસાર ૭ ફેબ્રુઆરીથી ૩ એપ્રિલ-૨૦૧૮ સુધી 'એચપી ફ્યુઅલ ભરાવો, ટોયોટામાં ફરો' કેમ્પેન અમલી રહેશે જે મુજબ ગ્રાહકોએ ટુ-વ્હીલરમાં ઓછામાં ઓછુ રૂ. ૨૫૦ અને ફોર વ્હીલરમાં રૂ. ૧૨૦૦નું ફ્યુલ અથવા તો ટુ-વ્હીલરમાં રૂ. ૨૦૦ અને ફોર વ્હીલરમાં રૂ. ૧૦૦૦નું બ્રાન્ડેડ પેટ્રોલ પાવર ભરાવી લકી ડ્રો કુપન મેળવવાની રહેશે. જેમાં ટોયોટા લીવા ડ્યુઅલ ટોન બમ્પર પ્રાઈઝ જીતવાની ગ્રાહકોને તક મળશે. આ ઈનામ અન્ય વધારાના ઈનામો જેવા કે એલઈડી ટીવી, વોશિંગ મશીન, રેફ્રિજરેટર, માઈક્રોવેવ ઓવન, સેલફોન વગેરે પણ મળવાપાત્ર છે. આ કેમ્પેનનું ઉદ્‌ઘાટન હિન્દુસ્તાન પેટ્રોલિયમના નોર્થ વેસ્ટ ઝોનના જનરલ મેનેજર (ઈન્ચાર્જ) રાજેશ મહેતાની, ડીજીએમ-અમદાવાદ રીટેલ રીજીઅન રમેશ સી. પટનાયક અને ઈન્ફીનીયમ ટોયોટાના ચેરમેન અજીત મહેતા દ્વારા સંયુક્ત રીતે એચપી કંપની આઉટલેટ, માનસી સર્કલ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતેથી કરવામાં આવેલ છે.

આ કેમ્પેન મધ્ય અને ઉત્તર ગુજરાતના ૨૦૦થી વધુ રીટેલ આઉટલેટ ઉપર અમલી છે. આ ઉપરાંત ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજથી સતત સાપ્તાહિક ડ્રોમાં ૧૦૦ ઈનામો અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, હિંમતનગર, પાલનપુર અને સુરેન્દ્રનગર જેવા વિવિધ શહેરોમાં જાહેર કરાશે. આ સાપ્તાહિક ડ્રો ૧૧ એપ્રિલ, ૨૦૧૮ સુધી સપ્તાહના વિવિધ દિવસોએ કરવામાં આવશે. એચપીસીએલ અને ઈન્ફીનીયમ ટોયોટા તેમના અમુલ્ય ગ્રાહકો માટે આકર્ષક સ્કીમ અને ઉચ્ચત્તમ સર્વિસ આપવા સતત પ્રયત્નશીલ છે.

## ભવ્ય ઉજવણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હીંડોળા, સાંસ્કૃતિક કાર્યક્રમો વચનામૃતો વિવિધ સ્પર્ધાઓ બ્લડડોનેશન કેમ્પ સહીતના કાર્યક્રમો પણ યોજાશે. આ રજત જયંતિ મહોત્સવમાં ગાંધીનગરના ૮૧૦ પરિવારો ઉપરાંત દહેગામ , કલોલ , માણસા, રાંધેજા, અને વડોદરા સહીતના વિસ્તારમાંથી ભાવિકો દર્શનનો લાભ લેશે. ભાવિકો માટે વિશેષ બસ વ્યવસ્થાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે રજત જયંતિ મહોત્સવને અનુલક્ષી હવેલી પાછળના વિસ્તારમાં યોગ્ય પાર્કીગ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## બગીચાનું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ સમગ્ર યોજના પાછળ રૂ ૮૪ લાખનો ખર્ચ કરવામાં આવશે. શહેરના સેકટરોમાં બગીચાઓની હાલત અત્યંત કંગાળ જોવા મળી રહી છે. ત્યારે બગીચાઓને યોગ્ય કરવા માટે સેકટરવાસીઓ માંગણી કરી રહયા છે. શહેરની આગવી ઓળખ સમા સે-૨૮ અને સરીતા ઉદ્યાનનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સેકટરોના બગીચાઓને પણ આમ નાગરિકો માટે નિખારવામાં આવે તેવી લોકલાગણી પ્રબળ બની છે. સે-૨૩ ના બગીચાના નવિનીકરણના અંતે સેકટરની રોનક નિખરશે.

## ઝેરની કિંમત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસને જો ન્યુ ઈન્ડિયા જોઈતુ નથી તો તેને ઈમરજન્સી અને કૌભાંડવાળુ ભારત જોઈએ છે. મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ આર વેંકટરામના પુસ્તકને ટાંકીને કહ્યું હતું કે, તેના બોફોર્સ કૌભાંડમાં કોંગ્રેસને કમિશન મળવાની વાત કહેવામાં આવી હતી. મોદીના આધાર પરક્રેડિટ લેવાના આરોપ પર કોંગ્રેસને જવાબ આપ્યા હતા અને કહ્યું હતું કે, આધાર અટલ બિહારી વાજપેયીનું વિઝન હતું. રાજ્યસભામાં ગુલામ નબી આઝાદને જવાબ આપતા વડાપ્રધાને કહ્યું હતું કે, આઝાદ કહી રહ્યા છે કે તેમને ન્યુ ઈન્ડિયા જોઈતું નથી જુનુ ભારત જોઈએ છીએ. અમને ગાંધીવાળુ ભારત જોઈએ છીએ. મોદીએ કહ્યું હતું કે, તેમને પણ ગાંધીવાળુ ભારત જોઈએ છીએ. કારણ કે, સ્વતંત્રતા મળી ચુકી છે. હવે કોંગ્રેસની કોઈ જરૂર નથી. કોંગ્રેસ મુક્ત ભારતનો વિચાર ગાંધીજીનો હતો. અમે તેમના માર્ગ ઉપર આગળ વધવાના પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતું કે, કોંગ્રેસના લોકો કહે છે કે, તેમને સેનામાં કૌભાંડવાળું ભારત જોઈએ છીએ. સબમરીન કૌભાંડવાળુ ભારત જોઈએ છીએ. બોફોર્સ કૌભાંડવાળુ ભારત જોઈએ છીએ. હેલિકોપ્ટર કૌભાંડવાળુ ભારત જોઈએ છીએ. ઈમરજન્સીવાળુ ભારત જોઈએ છીએ. લોકતાંત્રિક અધિકારોને આંચકી લેનાર ભારત જોઈએ છીએ. મોદીએ કહ્યું હતું કે, મોટા વૃક્ષ ધરાશાયી થયા બાદ હજારો શીખ લોકોની હત્યા થઈ જાય તે ભારત કોંગ્રેસના લોકોને જોઈએ છીએ.

## રેપોરેટ યથાવત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવ્યા બાદ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. આરબીઆઈની એમપીસીની બેઠક ગઈકાલે શરૂ થઈ હતી. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ આજે જારી કરવામાં આવ્યા હતા. રિટેલ ફુગાવો આરબીઆઈમાં કમ્ફોર્ટ લેવલને પાર કરીને ડિસેમ્બર મહિનામાં ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવમાં વધારાના પરિણામ સ્વરુપે ૫.૨૫ ટકાની ઉંચી સપાટીએ પહોંચી ગયો હતો જ્યારે કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ સીપીઆઈ ઉપર આધારિત રિટેલ ફુગાવો નવેમ્બર મહિનામાં ૪.૮૮ ટકા અને ડિસેમ્બર ૨૦૧૫માં ૩.૪૧ ટકા હતો. નવી ક્રેડિટ પોલિસી જાહેર કરવામાં આવ્યા બાદ શેરબજારમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. રિઝર્વ બેંક તરફથી જારી કરવામાં આવેલા મોનિટરી પોલિસી સ્ટેટમેન્ટમાં કહેવામાં આવ્યું છે કે, બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે કરવામાં આવેલી ફાળવણી ખુબ સારા સંકેત તરીકે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯માં બીજા ગાળામાં ફુગાવો ૪.૫-૪.૬ ટકા સુધી રહી શકે છે.

## ભૂલી ગયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પીએમ મોદીના સંસદમાં ભાષણ પર રાહુલ ગાંધીએ કહ્યું કે તેમણે એક કલાકથી વધુ સમય માટે ભાષણ આપ્યું, પરંતુ રાફેલ ડીલ પર એક શબ્દ પણ બોલ્યા નહીં. તેમણે રાજકીય ભાષણ આપ્યું, પરંતુ દેશના મુદ્દા, ખેડૂતો કે યુવાનોની રોજગારી અંગે કંઇ બોલ્યા નહીં.

## પરિક્ષણ કરાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી આ મિસાઈલ ૨૫૦-૩૫૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. બેલાસોર નજીક ચંદીપુર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજ (આઈટીઆર)ના લોંચ કોમ્પ્લેક્ષ-૩થી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું હતું. સ્ટેટેજીક ફોર્સ કમાન્ડ દ્વારા મિસાઈલનો ટ્રાયલ ડેટા કરવામાં આવ્યા બાદ તેના પરિણામ હકારાત્મક રહ્યા છે. સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે, આ અતિઆધુનિક મિસાઈલ ૫૦૦ કિલોગ્રામથી ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડને લઈને ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. આજે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજના લોંચ કોમ્પ્લેક્ષ-૩થી પરીક્ષણ કરાયું હતું. મિસાઈલ ટેકનોલોજી ખુબ જ અતિઆધુનિક છે. આમા ઈલેક્ટ્રો ઓપ્ટિકલ પેકિંગ સિસ્ટમની વ્યવસ્થા છે. પૃથ્વી-૨ મિસાઈલ ૨૦૦૩માં એસએફસીમાં સામેલ કરવામાં આવી હતી. ભારતના પ્રતિષ્ઠાજનક ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવેલી આ પ્રથમ મિસાઈલ છે. તેની ટેકનોલોજી હવે અસરકારક પુરવાર થઈ છે.

## લેન્ડીંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પડતાં પાયલોટ પણ સહેજ ગભરાઈ ગયો હતો, તો બીજીબાજુ, ફલાઈટમાં બેઠેલા પ્રવાસીઓના જીવ પડીકે બંધાયા હતા. જો કે, ફલાઈટ હજુ બહુ આગળ નહી ગઈ હોવાથી પાયલોટે સમયસૂચકતા દાખવી તરત જ એરપોર્ટ ટ્રાફિક કંટ્રોલ(એટીસી)ને જાણ કરી હતી અને ઈમરજન્સી લેન્ડીંગ માટે પરવાનગી માંગી હતી. ત્યારબાદ ગો એર ફલાઈટનું તાત્કાલિક અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડીંગ કરાવવામાં આવ્યું હતું અને મોટી દુર્ઘટના સર્જાતા ટળી ગઈ હતી. ફલાઈટના પાયલોટ સહિત પ્રવાસીઓ અને એરપોર્ટ ઓથોરીટીએ પણ રાહતનો દમ લીધો હતો. દરમ્યાન ફલાઈટનું એન્જિન જ બંધ પડી ગયું હોવાથી તે ટેક ઓફ કરી શકે તેવી સ્થિતિમાં ના હતી અને તેથી પ્રવાસીઓ અટવાઈ પડયા હતા. પ્રવાસીઓએ ગો એરના અધિકારીઓને દિલ્હી જવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગણી કરી હતી જો કે, અધિકારીઓએ તેમની પાસે ઈમરજન્સીમાં કોઈ ફલાઈટની વ્યવસ્થા નહી હોવાની લાચારી દર્શાવી હતી. જેને પગલે પ્રવાસીઓ ઉશ્કેરાયા હતા અને એરપોર્ટ પર ગો એરના અધિકારીઓ અને તંત્ર વિરૂધ્ધ ભારે હોબાળો મચાવ્યો હતો.